# પૅરીસ નામે નગર

--પ્રીતી સેનગુપ્તા

હવા જ આખી પ્રેમ શ્વસે છે પૅરીસમાં,
સહુ તરફ રોમાંચ વસે છે પૅરીસમાં.

નભને ચીંધે તર્જની જેવો અૅફીલ ટાવર,
સેન નદીનાં નીર ખસે છે પૅરીસમાં.

લુવ્ર મહેલમાં કળાકૃતીની ભારે ભીડ,
મોનાલીસા છાનું હસે છે પૅરીસમાં

નેપોલીયનનું રાજપાટ પથરાઈ પડ્યું છે,
એ તો દફ્ન થઈ વસે છે પૅરીસમાં.

દેવળ-સ્થીત માતા મૅરીની છે કૃપા, ને
સુંદર સુંદર દીશા દસે છે પૅરીસમાં.

શાઁઝેલીઝે, મોલૉં રુઝ, લીડોની ઝળહળ,
સાંજે-રાતે દીલ તરસે છે પૅરીસમાં.

સભર જીવનના રસીયા લોકો, ને જુઓ તો-
સુરા ઉભરાતી નસે નસે છે પૅરીસમાં.

◆●◆●◆●◆●◆

# અૅન્ટાર્ક્ટીકા

--પ્રીતી સેનગુપ્તા

ધવલ આલોક, ધવલ અંધાર,
ધવલ આભા, ધવલ આકાર.
ધવલ પ્રતીદીન, ધવલ રાત્રી,
ધવલ પથ પર વીકલ જાત્રી.

વીશદ અંશ આ વીશ્વનો,
પણ છે કશું વૈશ્વીક અહીં ?
ભુલોકનો જ વીભાગ આ,
પણ ના કશું ઐહીક અહીં.

કો' વામને પગલાં થકી
ચાંપ્યું જેને પૃથ્વી તળે,
અબોધ કેન્દ્ર પ્રતી પ્રયાણ
માનવ-પગલાં જ્યાં ઓગળે.

ગતી ધવલ ને મતી ધવલ,
બનતી સમયની સ્થીતી ધવલ,
સર્વ રંગો, સર્વ છંદો,
ચેતનાની ગતી ધવલ
◆●◆●◆●◆●◆

## : પોતે એટલે કોણ? :

--પ્રીતી સેનગુપ્તા

એક માણસના બે ફોટા
ચપોચપ ચોંટાડ્યા હોય તો
એ એક વ્યક્તી રહે કે બે બને?
બંનેનાં હૃદય હોય ધબકતાં :
એક વાસ્તવીકતામાં,
બીજું લાગણીના પૃષ્ઠભાગમાં.
તો પોતે એટલે કોણ?
ફીફ્થ એવન્યુ પર ચાલતી હસ્તીના પગ
પડતા હોય માણેકચોકની બસ્તીમાં.
આગળ ખીલ્યાં હોય રેશમી ફુલો,
ને પાછળ હોય સુકાયેલો બાગ.
ક્યાંક ધરતીકંપની વાતો
આંચકા બીજે ક્યાંક.
પુર આવ્યાં હોય પશ્ચીમમાં,
તણાતું હોય તોય સર્વસ્વ તોય પશ્ચીમમાં.

સંઘર્ષ ના હોય, ને ઘસારો પહોંચે.
કશું છોડાયું ના હોય,
કશું પોતાનું ના હોય.
એક માણસના બે ભાગ,
બે ફ઼ાટાનો એક માણસ.
દ્વાર ખરાં પણ દીવાલ નહીં,
બીંબ ખરાં પણ દર્પણ નહીં.
બે ખરાં કે એક્કેય નહીં?
◆●◆●◆●◆●◆

## પ્રીતી સેનગુપ્તા



### કવયીત્રી-પરીચય

પ્રીતી સેનગુપ્તા મુળ ગુજરાતી છે અને ત્રણેક દસકાથી ન્યુયૉર્ક શહેરમાં સ્થાયી થયેલાં છે. આ દરમીયાન એ દુનીયાભરમાં સતત પ્રવાસ કરતાં રહ્યાં છે અને સાતેય ખંડ અને એક સોથી વધારે દેશો ઉપરાંત ચુંબકીય ઉત્તર ધ્રુવ પર પણ જઈ આવ્યાં છે.

લેખનકાર્ય પણ સાથે ચાલતું જ રહ્યું છે. અત્યાર સુધીમાં એમનાં ૩૪ પુસ્તકો થયાં છે; જેમાં કાવ્ય, નીબંધ, વાર્તા અને મુખ્યત્વે પ્રવાસ-વર્ણનનાં લેખનનો સમાવેશ છે. એમને અમદાવાદ-પરીષદ તથા ગાંધીનગર-અકાદમી તરફ઼થી આઠેક પુરસ્કારો-ઈનામો મળેલાં છે. ઉપરાંત 'વીશ્વ-ગુર્જરી' પારીતોષીક પણ પ્રાપ્ત થયેલું છે.

ઈ-મેઈલ સંપર્ક : **PreetyNYC@aol.com**

--હરનીશ જાની અને ઉત્તમ ગજ્જર

## ● મધુરેણ સમાપયેત્ ●

બહુ જ ખુશીની વાત છે કે અમેરીકાના પ્રસીદ્ધ કાર્ટુનીસ્ટ શ્રી. મહેન્દ્ર શાહ દરેક ‘સન્ડે ઈ-મહેફીલ ’ માટે એક કાર્ટુન મોકલશે. આભાર મહેન્દ્રભાઈ. પધારો, મહેફીલમાં આપનું સ્વાગત છે. માણીએ એમનું કાર્ટુન ‘તરવાનું ને તળવાનું’ ઈ-મેઈલ સંપર્ક : mahendraaruna@msn.com




“સન્ડે ઈ-મહેફીલ” -- વર્ષ : બે -- અંક : ૬૨ -- ઑગસ્ટ ૧૩, ૨૦૦૬

તળગુજરાતથી દુર, દરીયાપાર વસવા છતાં ગુજરાતી સાહીત્યની સાધના કરતા સર્જકોની કૃતીઓની સન્ડે ઈ-મહેફીલ ‘વીદેશ-સર્જનોત્સવ’ ઉજવવાનું નક્કી થયું અને સ્નેહી શ્રી. હરનીશભાઈ જાનીએ એના સંપાદનની સઘળી જવાબદારી સહર્ષ સ્વીકારી એનાથી વધારે રુડું શું? સૌ સાહીત્યસર્જકોનો અને ભાઈ હરનીશ જાનીનો ખુબ ખુબ આભાર..

હરનીશ જાની સંપર્કઃ **email : harnish5@yahoo.com**

‘ઉંઝાજોડણી’માં અને ‘વીજયા’ ફોન્ટમાં અક્ષરાંકન :

ઉત્તમ ગજ્જર : **uttamgajjar@hotmail.com**